

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-27 ■ તા. 02-07-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# મહારાષ્ટ્રમાં બસ પલ્ટી જતાં આગ લાગીઃ ૨૬ પેસેન્જરના મોત, સીએમ એકનાથ શિંદેએ રાહતની જાહેરાત કરી



મુંબઇ,તા.૧

મહારાષ્ટ્રના બુલઢાણામાં શુક્રવારે મોડી રાત્રે એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. નાગપુરથી પૂણે જઈ રહેલી બસને બુલઢાના સિંદખેડમાં અકસ્માત નડ્યો હતો. અકસ્માત બાદ બસમાં આગ લાગી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે બસમાં આગ લાગવાથી ૨૬થી વધુ લોકોના મોત થયા છે. બસમાં ૩૦થી વધુ મુસાફરો સવાર હતા. ૬થી ૮ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા લોકોને બુલઢાણા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ બસ વિદર્ભ ટ્રાવેલ્સની હતી.

આ વિદર્ભ ટ્રાવેલ્સની ખાનગી બસ હતી, જે નાગપુરથી પૂણે જઈ રહી હતી. સિંદખેડમાં સમૃદ્ધિ એક્સપ્રેસ વે પરથી પસાર થતી વખતે બસ લપસી ગઈ અને પછી પલટી ગઈ. બસમાં ભીષણ આગ લાગી હતી. અકસ્માત સમયે બસમાં સવાર તમામ મુસાફરો સૂઈ ગયા હતા. મુસાફરોની બૂમો સાંભળીને આસપાસના લોકો ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. લોકોએ આ અંગે પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ડ્રાઈવર, કંડક્ટર સહિત આઠ મુસાફરોને સલામત રીતે બચાવી લીધા હતા.

મુખ્યમંત્રી એકનાથ શિંદેએ બુલઢાણા જિલ્લાના સિંદખેડારાજાની નજીક સમૃદ્ધિ રાજમાર્ગ પર એક ખાનગી બસની ભીષણ દુર્ઘટના પર ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. સીએમ શિંદેએ રાહત કોષમાંથી મૃતકોના પરિવારને ૫-૫ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.આ સાથે ઘાયલોને ૫૦-૫૦ હજારની મદદ આપવામાં આવશે. તેમણે આ બસ દુર્ઘટનાની તપાસ કરવાના આદેશ આપ્યા છે. ઉપરાંત સીએમે બુલઢાણાના કલેક્ટર અને પોલીસ ઉચ્ચ અધિકારી સાથે ફોન પર વાત પણ કરી હતી અને ઘટનાની જાણકારી લીધી હતી.

જેણે આ અકસ્માત જોયો તે અંદરથી હચમચી ગયો. જ્યારે કોઈ આ અકસ્માત જોઈને સ્થળ પર જ બેહોશ થઈ ગયો હતો. વાસ્તવમાં, જ્યારે સળગેલી લાશોને બસની અંદરથી બહાર કાઢીને હાઈવે પર એક લાઈનમાં રાખવામાં આવી જે દ્રશ્ય ભયાનક હતું. કેટલાક અડધા બળી ગયા હતા અને કેટલાક સંપૂર્ણપણે બળી ગયા હતા. કેટલાકના શરીર પર માત્ર રાખ હતી અને કેટલાકના હાડપિંજર જ દેખાતા હતા. એકંદરે, આ ઘટનામાં ૨૬ મૃતદેહો કોના છે તે પણ ઓળખી શકાતા નથી. ત્યારે હવે તેમની ઓળખ ડીએનએથી કરવામાં આવશે.

વાસ્તવમાં, વિદર્ભ ટ્રાવેલ્સની એક એસી બસ નાગપુર, વર્ધા અને યવતમાલથી મુસાફરોને લઈને પુણે જઈ રહી હતી. મોડી રાતે લગભગ ૧.૩૦ વાગ્યે, બસ બુલઢાણા જિલ્લાના સિંદખેડારાજા ખાતે સમૃદ્ધિ મહામાર્ગ એક્સપ્રેસ વે પરથી પસાર થઈ રહી હતી, ત્યારે પીંપલખુટા ગામ નજીક એક્સપ્રેસ વે પર બસનું ટાયર ફાટ્યું હતું. ટાયર ફાટવાના કારણે બસ એક્સપ્રેસ વેની જમણી બાજુના થાંભલા સાથે અથડાઈ હતી, પછી ડાબી બાજુએ આવીને ડિવાઈડર સાથે અથડાઈને પલટી ખાઈ ગઈ હતી.

બસ ડાબી બાજુએથી પલટી જતાં ફાટક નીચે આવી જતાં બહાર નીકળવાનો દરવાજો બંધ થઈ ગયો હતો. બસમાં કુલ ૩૩ મુસાફરો હતા, જેઓ ઊંઘી રહ્યા હતા. બસ પલટી જતાં આસપાસના લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મુસાફરોને બહાર કાઢવા માટે લોકોએ અંદર જવાનો પ્રયાસ કર્યો ત્યાં સુધી બસના ડીઝલ ટેક્રરમાં વિસ્ફોટ સાથે આગ લાગી ગઈ. આગએ આખી બસને લપેટમાં લીધી હતી.

આગ જોઈ આસપાસના લોકો ચોંકી ઉઠ્યા હતા. મુસાફરોની ચીસો તેના કાન સુધી પહોંચી રહી હતી, પરંતુ તે મદદ કરી શક્યો ન હતો. બસમાં લાગેલી આગ અંગે લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડ અને પોલીસ ટીમને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમ પહોંચી ત્યાં સુધીમાં તે પહેલાનું દ્રશ્ય વધુ ભયાનક હતું. આસપાસના લોકોએ જણાવ્યું કે મુસાફરો બસની બારીઓ મારતા હતા. એક મુસાફરનું શરીર સળગી રહ્યું હતું, છતાં તે કોઈક રીતે બારી તોડીને બહાર આવ્યો. અન્ય મુસાફરો પણ એ જ બારીમાંથી જવા લાગ્યા, પરંતુ માત્ર પાંચ જ નીકળી શક્યા. અને મુસાફરો પોતાનો જીવ બચાવવા જોર જોરથી બૂમો પાડી રહ્યા હતા, પરંતુ જ્વાળાઓ એટલી ભયાનક હતી કે કોઈ તેમને બચાવી શક્યું ન હતું. જો કે, અમે કોઈ રીતે બસના ડ્રાઈવર અને કંડક્ટરને બહાર કાઢવામાં સફળ રહ્યા.

## બ્રહ્માકુમારીઝ, આબુ શાંતિવન ખાતે ઐતિહાસિક "દિવ્ય અલૌકિક સમર્પણ સમારંભ"માં દેશભરની ૪૫૧ કુમારીઓએ પોતાને માનવ સેવામાં પરમાત્મા શિવને સમર્પણ કર્યું.



આંતરરાષ્ટ્રીય અધ્યાત્મ સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ઈતિહાસમાં ૩૦ જૂન,૨૦૨૩ ઐતિહાસિક રહ્યો. જ્યારે દેશભરના અનેક રાજ્યોમાંથી ૪૫૧ દીકરીઓએ પોતાને પરમાત્મા શિવને સમર્પિત કરી માનવ માત્રની સેવા માટે સંગઠિત સંકલ્પ કર્યો.

પાંચ દિવસીય આ દિવ્ય અલૌકિક સમર્પણ સમારંભમાં ઉપસ્થિત કુમારીઓના સગા સંબંધીઓની સંખ્યા ૧૫૦૦૦ હતી અધ્યાત્મ સશક્તિકરણ અને શિવ અવતરણ- રાજયોગા- ઈશ્વરીય જ્ઞાન વિષયે શિબિરમાં ભાગ લઈ પોતાને ધન્ય અનુભવ કરેલ તથા ગહન આત્મિક શાંતિની અનુભૂતિ દ્વારા પોતાને સશક્ત બનાવેલ.

૩૦ જુને સાંજે ૪:૩૦ કલાકથી શરૂ થયેલ સમારંભની શરૂઆત પરમાત્મ યાદ મેડીટેશનથી થયેલ. ત્યારબાદ શિવ પાર્વતી વિવાહની વિવિધ પ્રમાણે શ્રંગારીત કુમારીઓને સુંદર સજાયેલ ડ્રેસમાં શિહાસન પર બિરાજમાન કરી કટકથી આવેલ ૨૦૦ કલાકારોના ગ્રુપ દ્વારા અધ્યાત્મ અલૌકિક સમર્પણના દિવ્ય આબેહૂબ ઊભા કરેલ દ્રશ્યો એ ઉપસ્થિત ૧૫૦૦૦ ભાઈ બહેનોના આંખમાં અશ્રુધારા વહેવડાવેલ.

માતા પિતાએ પોતાની લાડલીને બ્રહ્માકુમારીઝ ના મુખ્ય પ્રશાસિકા ડૉ.દાદી રતન મોહિનીજી સમક્ષ શિવાર્પણ કરેલ. સીએ., એમ.ટેક., એન્જિનિયર, ર્નસિંગ, લો તથા વિવિધ ફેકલ્ટીમાં ડિગ્રી મેળવેલ દીકરીઓને માનવસેવામાં સમર્પિત કરતાં કટકના ૨૦૦ કલાકારોએ અદભુત દિવ્ય નૃત્યો સાથે ભાવુક દ્રશ્યો રજૂ કર્યા.

બ્રહ્માકુમારીઝના ઈતિહાસમાં આ સૌથી મોટા અલૌકિક સમર્પણ સમારોહમાં કુમારીઓના ૧૫૦૦૦ સગા સંબંધીઓ જોડાયા.

## નીરજ ચોપરાએ સતત બીજીવાર ડાયમંડ લીગ જીતી



ઓલિમ્પિક ઈતિહાસ સર્જનાર ભારતના સ્ટાર જેવેલીન થ્રોઅર નીરજ ચોપરાએ ઉત્સાહ, જોશ અને જુસ્સા સાથે શાનદાર પ્રદર્શન કરીને ફરી એકવાર દેશનું નામ રોશન કર્યું છે. નીરજ ચોપરાએ લુઝાન ડાયમંડ લીગમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. નીરજનો આ કુલ ડાયમંડ લીગમાં ચોથો ગોલ્ડ મેડલ છે. આ પહેલા ચોપરાએ દોહા ડાયમંડ લીગમાં પણ ગોલ્ડ જીત્યો હતો. ડાયમંડ લીગમાં નીરજનું ડેબ્યુ કંઈ ખાસ નહોતું. તેણે પહેલો થ્રો પોતે જ ફાઉલ કર્યો. આ પછી તેણે શાનદાર વાપસી કરી અને ૮૭.૬૬ મીટર ફેંકીને ગોલ્ડ કબજે કર્યો. જ્યારે લાંબા જમ્પર મુરલી અપેક્ષાઓ પર ખરા ઉતરી શક્યો ન હતો. તેને એકંદરે ૫મા સ્થાનથી સંતોષ માનવો પડ્યો હતો.૨૫ વર્ષીય નીરજ ચોપરાએ લૌઝેન ડાયમંડ લીગમાં જ પોતાનો પહેલો થ્રો ફાઉલ કર્યો હતો. આ પછી નીરજે ૮૩.૫૧ અને ૮૫.૦૪ મીટરના થ્રો કર્યા. પરંતુ, આ પછી પણ તે તેની શ્રેષ્ઠતાથી દૂર રહ્યો. ચોથા થ્રોમાં નીરજે વધુ પ્રયાસ કર્યો, પરંતુ તે પણ ફાઉલ થઈ ગયો. ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦૨૦માં ગોલ્ડ જીતનાર નીરજે ત્યારપછી ૮૭.૬૬નો સર્વશ્રેષ્ઠ થ્રો આપ્યો અને તેણે ૮૪.૧૫ મીટરનો છેલ્લો થ્રો કર્યો.ડાયમંડ લીગમાં નીરજનો જર્મનીના જુલિયન વેબર સાથે જોરદાર મુકાબલો હતો, પરંતુ વેબર નીરજને પછાડી શક્યો નહોતો. વેબરે તેનો અંતિમ ૮૭.૦૩ મીટરનો થ્રો કર્યો અને નીરજથી જ પાછળ રહ્યો. જ્યારે, ચેક રિપબ્લિકના જેકબ વડલેજચે ૮૬.૧૩ મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. જણાવી દઈએ કે નીરજ ચોપરા ઈજા બાદ ડાયમંડ લીગમાં ઉતર્યા હતા. ઈજાને કારણે તે હ્મ્દ્મ ગેમ્સ અને પાવો નુર્મી ગેમ્સ ચૂકી ગયો હતો.

# બમ બમ ભોલેના નાદ સાથે અમરનાથ યાત્રાનો પ્રારંભ; આતંકના ઓછાયા વચ્ચે જવાનો ખડેપગે







યાત્રાના પ્રારંભે આજે બાલતાલથી ભક્તોએ અમરનાથની ગુફાએ પહોંચી બાબા બર્ફાનીનાં દર્શન કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. અમરનાથ ગુફા તરફ જવાનો સમગ્ર માર્ગ બમ બમ ભોલેના નાદથી ગુંજી ઊઠ્યો હતો. હજારો શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીનાં દર્શન કરવા માટે અમરનાથ પહોંચ્યા છે. ત્યારે આજે બાલતાલ બેઝ કેમ્પથી ભક્તોની પ્રથમ ટુકડી ગુફા તરફ રવાના થઈ હતી. ગુફા તરફનો માર્ગે 'બમ બમ ભોલે'ના નાદથી ગુંજી ઊઠ્યો હતો. આજે વાતાવરણ ચોખ્ખું હોવાન કારણે ભક્તોને વધુ કોઈ અગવડ પડી ન હતી. મોટી સંખ્યામાં ગુજરાતી ભક્તોની સાથે દેશભરમાંથી આવેલા લોકોએ આજે પ્રથમ દિવસે જ બાબા બર્ફાનીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.અમરનાથ યાત્રા માટે દેશભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ આવી રહ્યા છે ત્યારે તેમની સેવા માટે સેંકડોની સંખ્યામાં સેવાભાવીઓ પણ અહી પહોંચ્યા છે. દર્શન માટે આવેલા ભક્તોને કોઈ તકલીફ ન પડે એ માટે ભંડારાઓ ધમધમી ઊઠ્યા છે.અમરનાથ યાત્રા પર હંમેશાં આતંકી હુમલાનો ખતરો મંડરાયેલો રહે છે, પરંતુ આતંકીઓની નાપાક ગતિવિધિઓને નિષ્ફળ બનાવવા માટે અહીં ભારતીય જવાનો હંમેશાં ખડેપગે રહે છે. અમરનાથ યાત્રાને લઈ હાલ અહીં ઝઈર્દ્બ, મ્જીહ્લ,ૈં મ્ અને આર્મીના જવાનો યાત્રિકોની સુરક્ષા માટે ખડેપગે જોવા મળ્યા હતા.અમરનાથ યાત્રા માટે જે ભક્તો બાલતાલ બેઝ કેમ્પ પર પહોંચે છે તેમનાં રજિસ્ટ્રેશનનું અહીં જ વેરિફિકેશન કરવામાં આવે છે. વેરિફિકેશન પૂર્ણ થયા બાદ જ યાત્રિકોને અમરનાથ યાત્રા માટે મંજૂરી આપવામાં આવે છે. વેરિફિકેશન થયા બાદ યાત્રિકોને એક યાત્રા કાર્ડ આપવામાં આવે છે, જે યાત્રિક પાસે આ કાર્ડ હોય તેને જ યાત્રા માટે આગળ જવા મંજૂરી મળે છે.પવિત્ર બાબા બર્ફાનીનાં દર્શન કરી શિવભક્તોએ ધન્યતાની અનુભૂતિ કરી હતી. વિવિધ રાજ્યોમાંથી અનેક મુશ્કેલીઓ સર કરીને અમરનાથ પહોંચેલા કેટલાક ભક્તો ભાવુક થઈ ગયા હોવાનાં દશ્યો પણ જોવા મળ્યાં હતાં.અમરનાથ રૂટ પર શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન પડે એ માટે ખાસ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

તંત્રી લેખ......

# કુંડળીના યોગો અને ભાગ્યવાન જાતક

નમસ્કાર સૌ જિજ્ઞાસુ મિત્રોને! આ કોલમને લોકપ્રિય બનાવનાર તમામ જાતકો તેમજ રીડર બિરાદરોનો આભાર અને તેમની જિજ્ઞાસાને પ્રણામ! કુંડળી અભ્યાસ આમ જોઈએ તો માત્ર દસ મિનિટનું કાર્ય અને બીજી રીતે જોઈએ તો કુંડળી અભ્યાસ એક જટિલ કાર્ય છે. જાતકની કુંડળી એટલે જન્મ સમયે ગોચરની સ્થિતિનો સ્ક્રીનશોટ જ્યારે એક અભ્યાસુ જ્યોતિષાચાર્ય એ કુંડળીનો અભ્યાસ કરે છે ત્યારે સતત તે વર્તમાન ગોચર પરિભ્રમણ સાથે તેની સરખામણી કરે છે. અને તે પ્રમાણે કયા ગ્રહોની સ્થિતિ શુભસ્થાનમાં, કયા ગ્રહોની સ્થિતિ અશુભ સ્થાનમાં, કયા ગ્રહોની દૃષ્ટિ કોની પર, બલાબલ સ્થિતિ અને કયા કયા ગ્રહોની યુતિ છે તેના પર વિચાર કરવાની સાથે જાતકનો જન્મ કયા નક્ષત્રમાં, નક્ષત્રના કયા ચરણમાં અને નક્ષત્ર સ્વામી કોણ તેના પર પણ વિચાર થાય છે.

સતત કુંડળીનો અભ્યાસ કરતાં એ નિરીક્ષણમાં આવ્યું છે કે સામાન્ય રીતે કુંડળીમાં કોઈ એકાદ યુતિ હોય છે. એકાદ સારો યોગ અને બીજો કોઈ દુર્યોગ હોય છે. સામાન્ય રીતે મોટાભાગની કુંડળીઓમાં બુદ્ધાદિત્ય યોગ જોવા મળતો હોય છે. ત્યારપછી અંગારક યોગની સ્થિતિ જોવા મળે છે. વિષયોગ અને કેમદ્રુમ યોગની પરિસ્થિતિ પણ જોવા મળે છે. હા, અમુક કુંડળીઓમાં ગજકેસરી યોગ તેમજ લ-મીયોગ જોવા મળે છે. ઘણી કુંડળીઓમાં કેન્દ્ર સ્થાને શુભગ્રહોની ઉપસ્થિતિ ઉત્તમ યોગનું નિર્માણ કરે છે. આજે જિજ્ઞાસુ જાતકો સાથે મારા દ્વારા કરાયેલ એક કુંડળી અભ્યાસનું વિશ્લેષણ ફરી એકવાર રજૂ કરવા માંગું છું. જન્મ સમયના ગ્રહોની સ્થિતિ જાતકને અમીર કે ફકીર બનાવે છે. આજની કુંડળી કે જે હું વિશ્લેષણ કરવા જઈ રહ્યો છું તેમાં એક નહીં, બે નહીં, ત્રણ નહીં પરંતુ છ-છ યોગનું નિર્માણ તેમજ ત્રણ-ત્રણ દુર્યોગનું નિર્માણ જાતકને સફળતાની સિદ્ધિઓ પર પહોંચાડે છે.

વૃશ્ચિક લગ્ન તેમજ વૃશ્ચિક રાશિ ધરાવનાર આ જાતકનો જન્મ કૃષ્ણપક્ષની સાતમની તિથિએ અનુરાધા નક્ષત્રના બીજા ચરણમાં ઊંઝા મુકામે તા. ૩-૩-૧૯૮૬ના રોજ થયો છે. જાતકની કુંડળીમાં સ્વગૃહી મંગળ કેન્દ્ર સ્થાનમાં રહી 'રુચક યોગ'નું નિર્માણ કરે છે. ઉપરાંત અહીં મંગળ સાથે ચંદ્ર યુતિ 'લ-મીયોગ' રચે છે. જાતક સમૃદ્ધિમાં મહાલે, માન-પાન પામે. અહીં એક દુર્યોગ પણ બને છે. રાહુ-મંગળ ષડાષ્ટક યોગથી જાતકના જીવનમાં ઓપરેશન યોગ/અકસ્માત યોગ પણ રચે છે. (જે જાતકે પોતે કબૂલ્યું કે આવી ઘટના ઘટી ચૂકી છે.)

લગ્નભાવમાં મંગળ-શનિ યુતિ જાતકને વીજળીના ધોધ સમાન બનાવે. જમીન સંબંધિત કાર્યોથી સફળતા મળે. આચાર્ય રજનીશ (ઓશો), મોરારજી દેસાઈ, સુભાષચંદ્ર બોઝ જેવા ક્રાંતિકારી પુરુષો આ યુતિવાળા હતા.

ચંદ્ર-શનિ યુતિ 'વિષયોગ' બનાવે છે, પરંતુ નીચનો ચંદ્ર બળવાન શનિ સામે નબળો પડે છે. જાતક વિપત્તિમાંથી માર્ગ કાઢી આગળ વધે.

ધનભાવનો સ્વામી સુખ સ્થાનમાં, જાતકને ભૂમિ-ભવન-વાહન-સંપત્તિનું સુખ અપાવે. આ જાતક જમીન સંબંધિત કાર્ય થકી સફળતાને વરેલા છે અને માન-સન્માન પણ મળ્યા છે. પરાક્રમ ભાવનો અધિપતિ લગ્નભાવમાં હોય, જાતક સાહસિક હોય.

સુખ સ્થાનમાં રહેલો ગુરુ કેન્દ્ર સ્થાનમાં સ્થિત હોઈ 'હંસ યોગ'નું નિર્માણ કરે છે. કેન્દ્ર સ્થાનમાં રહેલો શુક્ર 'માલવ્ય યોગ' બનાવે છે. આ જાતક જ્ઞાની હોય (પોતાના ક્ષેત્રમાં), જ્ઞાન એટલે મા સરસ્વતી અને મા સરસ્વતીની કૃપા તેને લ-મીજી સુધી લઈ જાય. આ યોગવાળાની ખાસિયત એ હોય છે કે તેઓ સમૃદ્ધિમાં તો મહાલે પરંતુ બીજાનું ભલું પણ કરે.

આટલું જ નહીં, આ જાતકની કુંડળીમાં શનિ પણ કેન્દ્રસ્થાને રહીને 'શશયોગ'નું નિર્માણ કરે છે. બળવાન શનિ જાતકને યશ-કીર્તિ આપી રહ્યા છે. લગ્ન અથવા ચંદ્રથી દસમા ભાવનો સ્વામી બળવાન હોઈ આ સ્થિતિ જાતકને 'અમલાયોગ'ની ભેટ આપી જાય છે. આ જાતક પરોપકારી, ગુણવાન, માન આપનાર અને માન પામનાર બને છે. નરેન્દ્ર મોદી, ધીરુભાઈ અંબાણી, રાહુલ બજાજ, રવિ શાસ્ત્રી, લાલ બહાદુર શાસ્ત્રી, રાહુલ દ્રવિડ, બાબા રામદેવ, સ્વામી વિવેકાનંદ, નીતિશકુમાર જેવા નેતાઓ, વ્યક્તિત્વો આ યોગવાળા છે.

# ૫૧ શક્તિપીઠ પૈકીના પાવગઢ ખાતે આવેલા શ્રી મહાકાળી માતાજી મંદિરના સર્વાંગી વિકાસ માટે રૂ.૧૨૧ કરોડ ખર્ચાશે



**વડીલો સહિત ભક્તો મહાકાળી માતાજીના દર્શન કરવામાં સરળતા રહે તે માટે સરકાર દ્વારા રોપ- વે એક્સ્ટેશનની કામગીરી મંદિર પરિસર સુધી કરાશે**

**પાવગઢ ખાતે ૫ હજાર કરતા વધુ ભક્તો જમી શકે તે માટે ભવ્યાતિભવ્ય ભોજનાલયનું નિર્માણ કરાશે**

**ચાંપાનેર ખાતે ૨- પાર્કિંગ, રસ્તાની કામગીરી, ફોર્ટનું લાઇટીંગ- ઇલેક્ટ્રીફીકેશનની કામગીરી રૂપિયા ૪૦ કરોડથી વધુના ખર્ચે કરાશે**

## તું કાળી ને કલ્યાણી..., પાવા તે ગઢથી ઉતર્યા.... પાવા વાગ્યા પાવગઢમાં અને હું તો પાવલી લઇને.... આવા અનેક ગુજરાતી ગરબા મહાકાળી માતાજી પર સાંભળવા મળે છે.

તા.૧

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલા કુદરતી સોદર્યથી ભરપૂર પાવગઢ પવર્ત આવેલો છે. આ પર્વત પર ગુજરાતીઓના આસ્થાના કેન્દ્ર જગતજનની મા કાલિકાનું મંદિર આવેલું છે. વર્ષ દરમ્યાન લાખોની સંખ્યામાં ભક્તો શ્રી મહાકાળી માતાજીના દર્શને આવે છે. માતાજીના દર્શન કરીને અને કુદરતી સોદર્ય નિહાળી ધન્યતા અનુભવે છે.

ગુજરાતીઓના આસ્થા કેન્દ્ર સમા પાવગઢ સાથે અનેક દંતકંથાઓ લોકમુખે કહેવાય છે. એટલું જ નહીં, અહીં ગૌરવવંતી ગુર્જરધરાની ચાંપાનેર ઐતિહાસિક વિરાસત પણ ભગ્નાવશેષ સ્વરૂપે ધરબાયેલી છે. અનેક કુદરતી તાંડવ અને ઝંઝાવાતો પછી પણ આ પાવાગઢ પર્વત અકબંધ અને અડીખમ છે. લાખો શ્રદ્ધાળુઓ અને શક્તિ ઉપાસકો માટે આસ્થાનું પ્રતિક બની રહ્યો છે.

પાવગઢ ખાતે આવેલું ૫૧ શક્તિપીઠ પૈકીનું શ્રી મહાકાળી માતાજી મંદિરના સર્વાંગી વિકાસ અને ભક્તોની સુવિધા માટે ગુજરાત સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સમગ્ર પાવગઢના વિકાસ માટે વર્ષ- ૨૦૧૭માં રૂપિયા ૧૨૧ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના હસ્તે તા. ૧૮મી જૂન, ૨૦૨૨ના રોજ રુપિયા ૧૨૧ કરોડના કામોનું લોકાર્પણ અને મંદિરની ધ્વજારોહણ વિધિ કરવામાં આવી હતી. હવે, તો કહે છે કે, મંદિરની રોનક બદલાઇ ગઇ છે. સરકાર દ્વારા સમગ્ર પાવાગઢના સર્વાંગી વિકાસ બે તબક્કામાં સુચારું આયોજન કરવામાં આવ્યું છે. પાવગઢમાં ફેઝ- ૧માં પાવગઢમાં વાયડનીંગ ઓફ પાથ-વે, ટોયલેટ બ્લોક, પોલીસ બુથ, વોટર હટ, સીટીંગ પેવેલીયન, ચોક, ઓટલા, ફુડ કોર્ટ, વોટર સપ્લાય એન્ડ ડ્રેનેજ, સાયનેજીસ વગેરે વિકાસ કામમાં કરવામાં આવ્યા છે. વાયડનીંગ ઓફ પાથ- વેની કુલ લંબાઇ ૩.૦૧ કિ.મી કરવામાં આવી છે. જેને કુલ ૨૫ સ્ટ્રેચમાં વહેચવામાં આવી છે. જેમાં કુલ- ૨૩૭૪ પગથિયાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ફેઝ- ૨માં મંદિરના પરિસરના વિસ્તૃતિકરણની કામગીરી કરવામાં આવી હતી. જેમાં હયાત મંદિર પરિસર ૫૪૫ ચો.મી.નું હતું. જે વિસ્તૃતિકરણ બાદ મંદિર પરિસરનો એરિયા ત્રણ લેવલમાં વિસ્તારવામાં આવ્યો છે. જેમાં લેવલ – ૧ માં ૪૦૦ ચો.મી., લેવલ- ૨ ૧૩૯૫ ચો.મી., અને લેવલ- ૩માં ૧૧૮૫ ચો.મી. મળી કુલ- ૨૯૮૦ ચો.મી.નું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યું છે. તેમજ પાથ- વે વીજળીકરણ, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તથા સી.સી.ટી.વી.ની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ રમણીય યાત્રાધામ તળેટી, માંચી અને શ્રી મહાકાળી માતાજીનું મંદિર એમ મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. ફેઝ- ૩માં પાવગઢ યાત્રાધામમાં તળેટીના વિસ્તાર માંચી ચોક ખાતે ભક્તોને પુરતી પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. ભક્તોને માંચ ચોક ખાતે ખાણીપીણીના સ્ટોલ, ઈન્ફોર્મેશન સેન્ટર, હેલ્થ, પોલીસ, વોટર સપ્લાય, વીજળી અને એડમીન બ્લોક બનાવવા માટે સરકારે વર્ષ- ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂપિયા ૧ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

**પાવાગઢ યાત્રાધામ ખાતે આવનારા યાત્રાળુઓની સુવિધા માટે ફેઝ- ૩ 'એ' માં માંચી ચોક ખાતે ઓફિસ બ્લોક – એનું બાંધકામ, ચાચર ચોકનું સ્ટોન ફલોરિંગ, મલ્ટી લેવલ પાર્કિંગ, શૌચાલય, પ્રવેશ દ્વાર, સાઈનેજીસ, ફાયર- ફાઈટીંગ, વોટર સપ્લાય, ડ્રેઈનેજીસ અને ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી અંદાજે રૂપિયા ૧૩ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે. યાત્રાધામ પાવગઢ ખાતે લાખોની સંખ્યામાં ભક્તો આવતા હોવાની વાતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ફેઝ- ૩- બી માં ચાંપાનેર ખાતે ૨- પાર્કિંગ, ચાંપાનેરના અંદર અને બહારના રસ્તાની કામગીરી, ફોર્ટનું લાઇટીંગ- ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી રૂપિયા ૪૦ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવનાર છે.જેની કામગીરી ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે.**

જગતજનની મા કાલિકાના મંદિરનો માસ્ટરપ્લાનિંગ કરી તેનો સર્વગ્રાહી વિકાસ થાય તે હેતુંથી સરકારે કુલ પ્રોજેક્ટ રકમ ૨૩૮ કરોડના ખર્ચે વિવિધ વિભાગોની કામગીરી માટે નાણાકીય વર્ષ- ૨૦૨૩-૨૪માં નવી બાબત રૂપે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેને સૈધ્ધાંતિક મજુરી આપવામાં આવી છે.

વડીલો સહિત ભક્તો મહાકાળી માતાજીના દર્શન કરવામાં સરળતા રહે તે માટે સરકાર દ્વારા રોપ- વે એક્સ્ટેશનની કામગીરી હેઠળ મંદિર પરિસર સુધી પહોંચી શકાય તે માટે હાઇડ્રોલિક લીફટની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ ૫ હજાર કરતા વધુ ભક્તો જમી શકે તે માટે ભોજનાલય બનાવવામાં આવનાર છે. રાજ્ય સરકારના આ પ્રયાસોથી આ તીર્થસ્થાનમાં શ્રધ્ધા સાથે સુવિધાનો સંગમ થશે.

# શતરૂપા સ્ત્રી

સ્ત્રી એટલે- નારી,મહિલા, વનિતાપ જેવા અનેક અર્થમાં સમાયેલી એક વ્યક્તિ અથવા અનેક અર્થમાં સમાયેલું એક વ્યક્તિત્વ.

નરસિંહ મહેતાએ ઈશ્વર માટે કહ્યું છે,

"દેહમાં દેહ તું, તેજમાં તત્વ તું, શૂન્યમાં વેદ થઈ ભાસે; અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ"

એવી રીતે દીકરી, બહેન, માતા, ભાભી, કાકી જેવા અનેક સંબંધો નિભાવતી અનેકરૂપા સ્ત્રી આરંભે અને અંતે તો શક્તિ છે. જે વ્યક્તિ સંસારને સંપૂર્ણ બનાવે, વંશને આગળ વધારે એને કોઈ એક વ્યાખ્યામાં ક્યાં બાંધી શકાય? સ્ત્રી એક નથી અનેક છે, અનેક રૂપમાં સમાયેલી એ એક સંપૂર્ણ વ્યક્તિ છે.

વર્તમાન સમયમાં સ્ત્રી સ્વાતંત્ર્યને લઈને જાણે ચર્ચાનો બવંડર ઊઠ્યો છે. વિચારીએ અથવા સાચી રીતે સમજીએ તો સ્ત્રી વળી ક્યારેય પરતંત્ર હતી કે એની સ્વાતંત્ર્યતા વિશે સંદેહ હોવો જોઈએ અથવા ચર્ચા હોવી જોઈએ?

હા, મૂળભૂત રીતે આપણો સમાજ પુરુષ પ્રધાન છે. દેખીતી રીતે પરિવાર કે સમાજ પર પુરુષોનું આધિપત્ય આપણે જોતાં અને અનુભવતાં આવ્યાં છીએ એને નકારી પણ શકાય નહીં.

સદીઓ પહેલાંના સમય પર નજર કરીએ તો, ગાર્ગી અને લોપામુદ્રા જેવી વિદુષીઓ સ્ત્રી સશક્તિકરણના ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે યાદ આવશે.

જો સરતચૂક ન થતી હોય તો, વિશ્વની સૌથી પહેલી નારીવાદી ચર્ચા કહો કે ચળવળ ૧૮૪૮માં અમેરિકાસ્થિત એલિઝાબેથ સ્ટેન્ટને કરી હતી. એ કહેતાં કે, "સ્ત્રી પોતે અવનતિની ઊંડાઈને યોગ્ય રીતે સમજી શકે છે. એને ઊંચાઈએ લઈ જવાનું કામ પણ સ્ત્રીએ પોતે જ કરવાનું છે."

મૂળ વાત છે નારીએ પોતે જ પોતાની આત્મઓળખ, આત્મવિશ્વાસને બુલંદ કરવાની. સંસારમાં પોતાના અસ્તિત્વને એક એવા દરજ્જે સ્થાપિત કરવાની જ્યાં એને જોવા સૌ કોઈએ નજર ઊઠાવવી પડે.

સ્ત્રી પોતાના નિર્ણયો પોતે જ લઈ શકે એમાં એનું સાચું સ્વાતંત્ર્ય છે. પરણિત કે અપરણિત સ્ત્રી પોતાને યોગ્ય લાગે એ જ નિર્ણય લે અને એને યથાર્થ સાબિત કરે. આ નિર્ણયોમાં પણ એ સૌને સાથે લઈને ચાલી જ શકે છે. એ સાચી હશે તો સૌનો સાથ એને મળવાનો જ છે.

આજકાલ યુવાપેઢીમાં જરા અલગ વિચારોનો વાયરો વંટોળની જેમ ઊમટ્યો છે. સ્ત્રી સ્વાતંત્ર્ય એટલે મરજી મુજબનું જીવન અને પુરુષ પરનું આધિપત્ય. જો સ્ત્રી પોતે પુરુષની મરજી મુજબ જીવવા ન માંગતી હોય કે પુરુષનું આધિપત્ય સ્વીકારવા સંમત ન હોય તો પુરુષ (એ એનો પિતા, પતિ કે પુત્ર પણ હોઈ શકે) પર એની મરજી કે એનું આધિપત્ય કઈ રીતે ઠોકી દઈ શકે?

સ્વાતંત્ર્યનો અર્થ છે, સ્ત્રી પોતાના વિચારો, માનસિક વલણો અને મનોવ્યાપારનો વિકાસ સાધે એ. આધિપત્ય પુરૂષ પર નહીં પણ સમય-સંજોગો પર પોતાના કૌશલ્યના આધારે આધિપત્ય સ્થાપિત કરે એ.

સ્ત્રીએ પોતાના માનસિક વિકાસ, નિર્ણયો લેવાની ક્ષમતા પર આધિપત્ય મેળવવાનું છે.

નારી તું નારાયણી કહેવાયું છે. નારાયણી શબ્દ કે ભાવમાં માત્ર અને માત્ર સ્ત્રી છે, શક્તિ છે, દુર્ગા છે. જ્યારે એની સામે શિવને અર્ધનારીશ્વર કહેવાયા. અહીં શિવના સ્વરૂપમાં પણ સાથે પાર્વતી તો છે જ. એનો સીધો અને સાદો અર્થ એ લઈ શકાય કે નારી સંપૂર્ણ છે, પણ જ્યારે નરની જોડાજોડ નારી હોય ત્યારે નર સંપૂર્ણ બને છે.

આજે અમસ્તા જ જાણવાનું મન થયું કે આપણે સ્ત્રી સ્વાતંત્ર્યની વાત કરીએ છીએ ત્યારે આ મુદ્દા વિશે પુરુષ શું વિચારતો હશે?

એક જ વાક્યમાં જે જવાબ મળ્યો એ અહીં પ્રસ્તુત છે, " સ્ત્રી સ્વાતંત્ર્ય એટલે સ્ત્રી નિર્ભયતાથી પોતાના નિર્ણય લે એ."

વાત કેટલી સાચી છે? સ્ત્રીમાં આ નિર્ભયતા ત્યારે આવે જ્યારે એને પોતાની ક્ષમતા અને પોતે લીધેલા નિર્ણયો સાચા છે એ અંગે પૂરેપૂરો વિશ્વાસ હોય.

સ્ત્રીએ શા માટે પોતાના નિર્ણયો માટે કોઈને આધારિત રહેવું જોઈએ? એને પાંખ પસારવા મોકળું આસમાન જોઈએ છે તો પહેલાં એણે પોતાની પાંખ પસારતા શીખવાનું છે.

સ્ત્રી એક એવી વ્યક્તિ છે જે ઘર-પરિવારની પ્રત્યેક વ્યક્તિના ગમા-અણગમા સમજી લઈને સૌની તકો સાચવી લે છે. સ્ત્રી તો પરિવારનો ઉંબરો છે. એ. ગૃહલક્ષ્મી છે. ઘરની માન-મર્યાદાને ઘરમાં સાચવી લેવાની એનામાં ત્રેવડ છે. આર્થિક પરિસ્થિતિ મુજબ ઘરની આબરુને એના પાલવમાં ઢાંકીને એ પરિવારને ઉજળો દેખાડે છે.. એ સંતાનને જન્મ આપી એમને સુસંકૃત કરે છે ત્યારે સ્ત્રીની સ્વતંત્રતા સ્વાર્થી પણ ન હોવી જોઈએ.

આજ સુધી એવી માન્યતા છે કે સ્ત્રીઓએ પુરુષો દ્વારા સ્થાપિત કરેલા નિયમોને અનુસરવું. આ માન્યતામાંથી બહાર આવીને પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વને એણે ઉજાગર કરવાનું છે. એના માટે કૌટુંબિક જવાબદારીઓમાંથી છટકવાની કે છૂટવાની જરૂર નથી. જે પ્રગતિના પંથે એને જવું છે એમાં સ્વયંની સાથે સમસ્તને સાથે લઈને ચાલવાની વાત છે. એની પોતની ઈચ્છાશક્તિ કેળવવાની વાત છે.

એક સરસ જાહેરખબર જોઈ છે. સવારમાં એક સાથે ઘરના તમામ સદસ્યોની માંગને પહોંચી વળવા બે નહીં બાર હાથે, સાવ સરળતાથી હસતા-રમતા સૌને તૃપ્ત કરતી ગૃહિણીને એમાં ફોકસ કરવામાં આવી છે.

આ છે ગૃહિણીની કાર્યદક્ષતા. એને પોતાની જવાબદારીઓની બરાબર ખબર છે. સમયના ટુકડાની વચ્ચે પોતાની જાતને ગોઠવીને એક જિગ્સૉ પઝલની જેમ ગેમ પૂરી કરવાની છે. ક્યાંય કોઈ સાંધો કે રેણ ન દેખાય એવી રીતે એ કરી શકે જ છે. આ જવાબદારી નિભાવ્યા પછી એ ઓફિસ પણ સંભાળી શકે છે. શું નથી કરતી એ?

એ તો સિદ્ધ છે જ તો શા માટે આ સ્ત્રીએ સ્વાતંત્ર્યતાનું બંડ પોકારીને પોતાને સિદ્ધ સાબિત કરવા શક્તિ વેડફવી જોઈએ કે સ્ત્રી સ્વાતંત્ર્યતા જેવા સંકુચિત વિચારોમાં કે વાડામાં અટવાવું જોઈએ?

સ્ત્રી સ્વાતંત્ર્ય એટલે સ્ત્રીની પોતાની નબળાઈઓ, પરાધીનતા અને પરાવલંબી પ્રકૃતિમાંથી મુક્તિ. સ્ત્રી સાચી હશે કે એણે લીધેલા નિર્ણયો અને એના કારણો સાચા હશે તો એને કોઈને જવાબ આપવા જ નહીં પડે કે કોઈ એને રોકી નહીં શકે. સ્ત્રી જીવંત વ્યક્તિ છે. મશીન નથી એટલે શક્ય છે ક્યારેક અંગત કારણોસર કે




નાદુરસ્ત તબિયતના લીધે કોઈ જવાબદારીમાંથી એને પોરો લેવાનું મન થાય. તે સમયે કોઈ જવાબદારી નિભાવવાની ઈચ્છા ન હોય તો એમાં સંકોચ રાખવાની પણ જરૂર નથી. અહીં જવાબદારીમાંથી છટકવાની એની વૃત્તિ નથી, માત્ર એ સમયે એને જરા વિરામ લેવો છે એટલી જ વાત એણે અને સૌએ સમજી લેવી જોઈએ.

સૌથી મઝાની વાત એ બની કે આ લેખ લખતી વખતે એક નહીં અનેકવાર અને સાવ સહજતાથી સ્ત્રીના બદલે શ્રી લખાઈ જતું. શક્ય છે મનમાં એ જ અભિપ્રેત હતું. આ શ્રી શબ્દનાય કેટલા અર્થ! શોભા, કાંતિ, ભભકો, સૌંદર્ય, સંપત્તિ, ધન, દોલત, વિભૂતિ, વૈભવ, જાહોજલાલી, આબાદી, ચડતી, અભ્યુદય, ઉન્નતિ, લક્ષ્મીદેવી, લખાણને આરંભે લખાતો માંગલિક સંકેત. આ એક શ્રી શબ્દના તમામ અર્થનું એક નામ એટલે સ્ત્રી.

આ સ્ત્રી સ્વાતંત્ર્યની વાતને લઈને યાદ કરીએ તો આપણી પૌરાણિક કથાઓથી માંડીને ઈતિહાસમાંથી યાદ કરી શકાય એવા અનેક સ્ત્રી પાત્રો મળી આવશે, પણ આજે તો હું માત્ર એક એવી સ્ત્રીની વાત કરીશ જેણે સાવ સ્વતંત્ર રીતે જીવનપથ નક્કી કર્યો અને છતાં એ સૌ માટે જીવી. એ હતી મારી મા. દુનિયામાં એના જેવી અનેક સ્ત્રીઓ હશે, પણ મારા માટે તો મારી મા જીવંત દૃષ્ટાંત રહી.

વાત જ્યારની છે એ સમય હતો ૧૦૩૭નો. મારા નાનીની અચાનક તબિયત બગડી. એ સમયે ફોનની સગવડ નહોતી. અડધી રાત્રે ડૉક્ટરને કોણ, ક્યાંથી બોલાવે? મારી મા ત્યારે માત્ર ૧૧ વર્ષની હતી. નજર સામે એણે નાનીને હંમેશ માટે વિદાય લેતાં જોયાં અને એણે ડૉક્ટર બનવાનો નિર્ણય લઈ લીધો. એ કોઈ તરંગી કે આવેશમાં લીધેલો નિર્ણય નહોતો. ૧૧ વર્ષની ઉંમરે લેવાયેલો દૃઢ નિર્ણય હતો. રમવાની ઉંમર હતી ત્યારથી એણે ઘર સંભાળ્યું. આર્થિક

આભાર - નિહારીકા રવિયા મુશ્કેલીઓ જેવાં ઘણાં કપરાં સંજોગો સામે એ લડી અને એણે સેવેલા સ્વપ્નને સિદ્ધ કર્યું. અમીન પરિવારમાંથી નાણાવટી પરિવારમાં આવી. ૧૯૫૦ના સમયે એ તબીબી ક્ષેત્રે જોડાઈ. સફળ અને સારા ડૉક્ટર તરીકે નામના મેળવી. પણ, આ બધું જ કરવાની સાથે બંને પરિવાર અને સગાંસ્નેહીઓ તરફ કૌટુંબિક જવાબદારીઓ નિભાવી. એક ડૉક્ટર તરીકે જરૂર પડી ત્યારે પૂરેપૂરી નિષ્ઠાથી એ સૌની સાથે ઊભી રહી. પરિવાર જ નહીં એનાં દર્દીઓનાં સ્વાસ્થ્યની કટોકટી સમયે એમનાં માટે જે જરૂરી હોય એ નિર્ણયો લેતી. એના નિર્ણયો પર સૌની અખૂટ, અપાર શ્રદ્ધા મેં જોઈ છે. એક વાત સતત હું જોતી હતી, અનુભવતી હતી કે ક્યારેય એણે કોઈનીય પાસે કશી અપેક્ષા પણ રાખી નહોતી.

એ ડૉક્ટર હતી, એ પોતાનું જીવન પોતાની રીતે જીવવા સ્વતંત્ર હતી, છતાં એ સૌની સાથે રહી. સૌને સાથે લઈને ચાલી. સૌના માટે જીવી. ક્યારેય કોઈ વાત માટે એને ફરિયાદ નહોતી કે નહોતો આ બધુ કરવાનો ભાર. શક્ય છે ઘણી વાર એને સમય અને સંજોગોની સાથે પોતાના વિચારોમાં બાંધછોડ કરવી પડી હશે. એથી શું એની સ્વતંત્રતા જોખમાઈ? ના, એ બાંધછોડ પણ એણે પૂરેપૂરી સભાનતાથી, સમજણપૂર્વક કરી હતી. એટલે દરેક વખતે એ સ્વતંત્ર અને સંપૂર્ણ વ્યક્તિ જ રહી. ક્યારેય સ્ત્રી કે વ્યક્તિ તરીકે સ્વતંત્રતા ગુમાવી છે કે ગુમાવવી પડી છે, એવા કોઈ ભાવ કે રંજ મેં એનામાં જોયાં નથી. કારણકે સ્વતંત્રતા ક્યારેય સ્વાર્થી કે આપખુદ હોતી જ નથી.

આજ સુધી કહેવાતું આવ્યું છે કે સ્ત્રી અને પુરુષ સંસાર રથના બે પૈડાં છે. તો બંનેમાં આ સંસાર રથનો તાલમેલ જાળવવાની ક્ષમતાય એક સરખી જ હોવી જોઈએ ને? કોણ કોનાથી ચડિયાતું છે એ નક્કી કરવાની હોડના બદલે કોણ કોને વધુ સારી રીતે સાચવશે એ જાણવું વધુ જરૂરી છે. એકમેકના પૂરક બનવું જરૂરી છે.

સ્વતંત્રતાના આંચળા હેઠળની સ્વચ્છંદતા સ્ત્રી માટે જરાય આવકાર્ય નથી. સ્વતંત્રતાની લક્ષ્મણરેખા ઓળંગીને જે પગ બહાર મૂકાશે એ સ્વચ્છંદતામાં પરિણમશે. આપણે જાણીએ છે સતી હોવા છતાં અજાણતાં જ લક્ષ્મણરેખા ઓળંગી ત્યારે સીતાનેય અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડ્યું હતું. આ લક્ષ્મણરેખા સ્વયં સમજીને સ્વીકારેલી હોવી જોઈએ. પોતાની જાતને મર્યાદામાં રાખીને પણ સ્ત્રી દસે દિશામાં વિસ્તરી શકે છે.

પુરુષથી વધુ ચઢિયાતી છે એ સાબિત કરવાની કે સ્વયંમાં શ્રેષ્ઠતા શોધવાની જીદમાંથી બહાર આવીને સ્ત્રીએ શાંતિ અને સ્વસ્થતાપૂર્વક પોતાની જાતને સ્થિરતા આપવાની છે. સ્વતંત્ર તો એ છે જ.

ડિયેના મેરીચાઈલ્ડ કહે છે એમ, " સ્ત્રી સંપૂર્ણ વર્તુળ છે. આ વર્તુળમાં એની પાસે સર્જન કરવાની, જતન કરવાની અને રૂપાંતર કરવાની શક્તિ છે."

અને અંતે આજે જ વાંચેલા એક સુંદર વાક્ય સાથે હું અહીં વિરમું છું.

"સ્ત્રી એટલેપજિંદગીના રંગમંચ પર રિહર્સલ વગર દરેક ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતું ઈશ્વરનું સર્જન."

આલેખનઃ રાજુલ કૌશિક

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું